સાલ : ૬ / સિલસિલાવાર નંબર : ૬૮ / શુમારો : ૮

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

કુલ પાના - ૧૨

الهادي

THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ શાબાનુલ કરીમ ૧૪૩૦ હી., ૨૩-૭-૨૦૦૯

## -: કુરઆને કરીમની તફસીર ની હકીકત - અહલે બૈત (અ.સ.) ની ઝબાની :-

કુરઆને કરીમ ઈલાહી કિતાબ છે; આ કિતાબ અલ્લાહના આખિરી કલામ છે જે મુન્ફરિદ, બેમિસાલ અને આસમાની કિતાબોનો મજમૂઓ છે. અલ્લાહતઆલાએ આસમાન, ઝમીન અને તેના દરમિયાન કોઈ ચીઝ એવી છોડી નથી, જેને કુરઆન માં સમાવી ન હોય. કુરઆનને તરતીલ અને ઈલ્હાન સાથે પઢવાની જેટલી રગબત આવેલી છે તેટલો જ હોંશ તેને હિફઝ-યાદ કરવામાં આવેલો છે. હિફઝનો અસલી મતલબ છે એને જાલવવું, Memorize કરવું યા ઝહેન-નશીન કરવું અને ઝરૂરત મુજબ એને પઢવું. આ એક માઅમૂલી સમઝ છે પણ હિફઝ કરવું યાઅની કુરઆનના મતલબ અને માઅનાને દિલમાં બરાબર ઉતારી તેને પર અમલ કરવું છે. હાફિઝ હકીકતમાં એને જ કહેવાય કે, જે કુરઆને કરીમની હિદાયત પર ચાલી બદીથી પોતાની ઝિંદગીની હિફાઝત કરે અને લા ઈલ્મીના અંધારામાં આ નૂરાની ઈલ્મી ચિરાગને જલાવી તેના દિલ-દિમાગ અને ઝહેનને રૌશન કરે. કુરઆને કરીમમાં ઈરશાદે ખુદાવંદી છે કે, “શું તેઓ કુરઆને કરીમ પર તદબ્બુર-તફક્કુર નથી કરતા, ફિકર નથી કરતા યા શું એ લોગોના દિલો પર તાલા વાગી ગયા છે ?” કુરઆને કરીમ તો ફિકર અને ગૌરોખૌઝ કરવાવાલાઓ વાસ્તે એક આઅલા અને અફઝલ કિતાબ છે, જેમાં દુનિયાની પૈદાઈશથી એના ફના થાવા તકની તમામ ચીઝોનું બયાન થયેલું છે. **કુરઆને કરીમની એક આયત સમઝીને પઢવામાં ઝિયાદહ સવાબ છે; એ કિરાત કરતા કે, જે પોપટની બોલી જેમ પઢવામાં આવે.**

આલે મોહંમદ (સ.અ.વ.વ.) જે કુરઆનના કરીન (જોડકા) છે તે તમામ થી બેહતર કુરઆનના હાફિઝ છે, કુરઆનને સમઝેલા છે અને તે સબબ તેઓ કુરઆનના જોડીદાર અને તેની તફસીરો-તાવીલ કરનાર છે. કુરઆન પોતે એક અબોલ (સામિત) કિતાબ છે, જેના સબબ તેને બોલાવનારની ઝરૂરત છે જે તેમાં છુપાયેલી હિકમત, રાઝ, માઅના, મતલબને બયાન કરે. આલે મોહંમદ અઈમ્મતે તાહેરીન (અ.સ.) સલવાતુલ્લાહે અલયહિમ, કુરઆને નાતિક (બોલતા કુરઆન) છે તેઓ તમામ પોતાના ઝમાનના બોલતા કુરઆન છે. આપ સર્વે મુમેનીનની નફસોના તબીબ છે, હકીમ છે, અક્લો સમઝના મેઅયારનું અને કલ્બો ઝમીરના હાલાતનું બાખૂબી ઈલ્મ રાખે છે. કુરઆને કરીમમાં ઝિયાદહ તર બે તરહની આયતો છે, "**મોહકમાત**" અને "**મોતશાબેહાત**". મોહકમાત આયતો અલ્લાહના ફરમાન, અમર અને અહકામને સાફ-સુથરા લફઝોમાં બયાન કરે છે, શરીઅતનાં હલાલ-હરામને બતાવે છે, અને અંબિયા (અ.સ.) ના કિસ્સાઓ તેમજ આગલી ઉમ્મતોના હાલાત અને અંજામ આ આયતોમાં શામિલ હોય છે. મોતશાબેહાત આયતો કુરઆનનું બાતિન અને હિકમત બયાન કરે છે, જે મોહતાજે તફસીર અને કાબિલે બયાન હોય છે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં જ ફરમાવે છે કે, "**હર ચીઝનું ઝાહિર અને બાતિન છે અને હમેં તમામ ચીઝોના જોડકાં બનાવેલા છે.**" હવે જે કોઈ બાતિનને મુકીને કુરઆનની ઝાહિરી માઅના પર અમલ કરે અને ઝાહિરને મુકીને ફક્ત કુરઆનની બાતિની માઅના પર અમલ કરે તો તે ઝાલિમ અને જાહિલ છે અને એની કોઈ પણ તરહની ઈબાદત કુબૂલ થાનાર નથી. તેથી જ આલે મોહંમદ (સ.અ.વ.વ.) એ કુરઆને કરીમની હર આયતે શરીફાની તફસીર, માઅના, મતલબ અને સમઝ ઝાહિર અને બાતિનના લેહાઝથી આપી છે. અપના ઈસ્માઈલી-તૈયેબી અકીદા મુજબ કુરઆનની તફસીર કરવાનો હક્ક તે શખ્સને છે કે, જે એ પોતાના ઈમામ તરફથી યા તો ઈમામના હુદૂદ યા દોઆત તરફથી શરએ મોહંમદી અને કુરઆનના નુઝૂલનું ઈલ્મ હાસિલ કીધું હોય.

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**જે શખ્સ કોઈનો મહેમાન બને તો એ મૈઝબાનની ઈજાઝત બગૈર નાફેલત યા તતવ્વાઅનું રોઝું ન કરે.**

*(પેજ નં. ૧નું બાકી)* **કુરઆને કરીમની તફસીર ની હકીકત.....**

આજે દુનિયામાં કુરઆને કરીમના તરજુમા ૧૦૦ ઝબાનમાં થઇ ચુકેલા છે. ફક્ત અંગ્રેઝી ઝબાનમાં જ અંદાઝે ૩૦, ઉર્દુ ઝબાનમાં ૧૦૦ થી ઝિયાદહ અને ફારસી તેમજ અરબી ઝબાનમાં બેશુમાર આલિમોએ કુરઆનની તફસીરો તશરીહ કીધી છે, જેની તાઅદાદનો અંદાઝો અને નામ લખવા યહાઁ મુશ્કિલ છે. **ઇસ્માઇલી-તૈયેબી અકીદાના લોગો જે આજે બોહરા યા વોહરાના નામથી મશ્હૂર છે તેઓ પર એ ઇલ્ઝામ લગાવવામાં આવે છે કે, તૈયેબી બોહરા કૌમ પાસે કુરઆનની કોઇ તફસીર જ નથી અને તેઓમાં કુરઆનના હાફિઝ થાતા નથી.** આ ઈલ્ઝામ અને તોહમત બેબુનિયાદ છે બલ્કે દુશ્મની, હસદ, ખોરાફાત, ઈફતેરા અને કજફહેમી તેમજ નાદાની છે. આ ઈલ્ઝામ-તરાશી અને તોહમત-કુની એ જ લોગો કરે છે કે, જેઓને ઈસ્માઈલી-તૈયેબી બવાહિરની તારીખ, સિલસિલો અને તેઓના અઈમ્મત અને દોઆતની કિતાબો-તસ્નીફાત અને તાલીફાતનું ઈલ્મ નથી અને કોઈ વક્ત અવામ આ ઈલ્મે પાકને આસાનીથી હાસિલ પણ નહી કરી શકે. એની વજહે ખાસ એ છે કે, તૈયેબી બવાહિરનું બીજું નામ ફિરકએ બાતિનીયાહ છે, યાઅની કે આ કૌમ પોતાના અકીદાઓ, અખ્બાર, ફિકર, તફસીર, હકીકતો અને દીગર દીની-દુન્યવી ઊલૂમની કિતાબો દુનિયાની બીજી તમામ કૌમોથી મખ્ફીમાં અને પડદામાં રાખે છે; એ હદ તક કે, એની કૌમના કોઈ શખ્સને તાવીલ કે હકીકત કે બુનિયાદી અકીદાઓનું પૂરેપૂરું ઈલ્મ હાસિલ કરવું હોય તો પહેલા તેની એહલીયત, લિયાકત, વફાદારી અને હક્કદારીની તફતીશો ખબર નીકાલવામાં આવે છે અને તેની કાબેલીયત મુજબ ભારી મીસાક અને અહેદ લીધા બાદ આ ઈલ્મના બાબ એના વાસ્તે ખુલ્લા મુકાય છે. અવામ અને ઝાહિરના લોગો તૈયેબી બોહરાઓની કુરઆની તફસીરનો સવાલ કરે છે, પણ આનો સહી જવાબ તેઓને મીલતો નથી અને જેનું ઈલ્મ દાઅવતના મરતબાના સાહબ સિવાય કોઈ બીજું આપી શકતું નથી, લેહાઝા બદગુમાનીનો દૌર શુરૂ થાય છે.

હકીકતમાં જોવા જઈએ તો ઈસ્માઈલી-તૈયેબી દાઅવતમાં કુરઆને કરીમની તફસીરને **સાત** અલાહેદા હિસ્સાઓમાં તકસીમ કરવામાં આવેલી છે :

તફસીરની કૈફીયતનો ✤ પહેલો હિસ્સો અંબિયા (અ.સ.) ના કિસ્સાઓ, આગલી ઉમ્મતોના હાલાત અને આ વાસ્તે ઝાહિરી તૌર પર જે બયાનાત કરવામાં આવેલા છે તે છે ✤ બીજો હિસ્સો અદબ, અખ્લાક, તરબીયત, હકીમોના અકવાલ અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસો અને અહલેબૈત (અ.સ.) ની રિવાયતો છે. ✤ તીસરો હિસ્સો શરીઅતના અરકાન, ઈસ્લામના દઆઈમ અને હલાલો હરામ તેમજ દુન્યવી મોઆમેલાત અને સમાજી ઊમૂર પર મુશ્તમિલ છે. ✤ ચોથો હિસ્સો ઈસ્માઈલી-તૈયેબી મઝહબના અસ્લો ઊસૂલની તાવીલ અને અંબિયા-મુરસલીન (અ.સ.) ના વાકેઆતની તાવીલ તેમજ અહમ આયાતે મોતશાબેહાતની તફસીરના મસાઈલ પર શામિલ છે. ✤ પાઁચમો હિસ્સો ઝાહિરી લોગો સાથે બહેસ-મુબાહેસો, દલીલો (ઈસ્તિદલાલ) તેમજ હુજ્જતો બુરહાન સાથે ઈસ્માઈલી તરીકત અને અકીદાની સાબિતી, ઈન્ફેરાદીયત અને હક્કાનીયત અને ઝાહિરના લોગોની ખતા અને ગુમ્રાહીના બયાનાત પર મુન્હસિર છે. ✤ છઠ્ઠો હિસ્સો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના આબાએ કિરામ જે મૌ.ઈસ્માઈલ ઝબીયુલ્લાહ (અ.સ.) ની આલે પાક માંથી અઈમ્મતે મુસ્તકર્રીન હતા તે ઝમાનથી લઈને સૈયદના બદરૂદ્દીન હસન બિન વલી (ક.રૂ.) ના ઝમાન તકની તારીખ અને અખ્બાર પર મબ્ની છે. ✤ સાતમો હિસ્સો તમામથી અહમ અને ઈમામતના અકીદાની સદાકત અને અકલે અવ્વલ તથા આદમે રૂહાનીથી લઈને કૌરે આઅઝમના તમામ થાવા તક ઈમામ અને ઈમામતના મરતબાઓને લગતા વાઝેહ બયાનાત છે. જેમાં ઈસ્માઈલી અકીદાનું લુબ્બે લોબાબ, આ જહાન અને ઈન્સાનની પૈદાઈશ અને મૌત, ઈબ્તેદા અને ઈન્તેહા, ઝાહિરનું બાતિન, બાતિનનું બાતિન, બાતિન ની હકીકત, હકીકતની હકીકત અને હકીકતની દકીકત શામિલ કરવામાં આવેલી છે.

અલ્લાહતઆલા સૂરએ બકરાહમાં મકાઈના બુટ્ટાની ઝિક ફરમાવે છે, જેમાં એક દાનાના બદલામાં સાત બુટ્ટાઓ, અને એક બુટ્ટામાં ૧૦૦ દાના મીલીને ૭૦૦ દાનાની ઝિક આવેલી છે. એ જ મિસિલ, **શરીઅતના બાતિનમાં બયાન છે કે, ઔલિયાઉલ્લાહ (સ.અ.) અને અઇમ્મતે તાહેરીન (અ.સ.) ના ઇલ્મના ખઝાના**

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**જેવા તમેં હશો એવા જ હાકિમને તમારા પર હુકમરાની વાસ્તે મુકવામાં આવશે.**

*(પેજ નં. ૨નું બાકી)* ***કુરઆને કરીમની તફસીર ની હકીકત.....***

**દરિયાએ બેકિનાર છે.** એક કલામની માઅની સાત તરીકા થી યા સિત્તેર તરીકા થી યા ૭૦૦ થી ઝિયાદહ તરીકા થી કરી શકાય છે. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ને આપના એક શાગિર્દે અરઝ કીધી કે, અય ફરઝંદે રસૂલ (સ.અ.વ.વ.), આજે ફલાની કુરઆની આયતનું આપે જે બયાન કીધું તે આપના આગલના બયાનથી અલગ છે અને બેવેની વજેહમાં પણ ફરક છે. ઈમામ (અ.સ.) એ જવાબ આપો કે, હમેં એક કલામને સાત વજેહથી બયાન કરીએ છીએ. તે શખ્સએ તઅજ્જુબ થઈને પૂછું કે, આપ મૌલા સાત વજેહથી પણ બયાન કરી શકો છો ? આપ મૌલાએ જવાબમાં ફરમાવું કે, હાઁ હમે ૭૦ વજેહથી પણ બયાન કરી શકીએ છીએ. જો અગર આ શખ્સ તઅજ્જુબ કરીને ૭૦ બોલતો અને ઝિયાદહ સમઝતો તો આપ (અ.સ.) ઔર ઝિયાદહ વજેહથી બયાન ફરમાવતા.

આલે મોહંમદ (સ.અ.વ.વ.) ના ઈમામે ઝમાન બગૈર આ ઝમીન બરકરાર નથી રહી શકતી. જો ઈમામ નથી તો કાએનાતના તમામ સરંજામમાં ઝૈરોઝબરી અને ઊંચ-નીચ વાકેઅ થાય. **હર ઇમામ દાએરએ ઝમાનનું નુકતું છે - Centre point of a circle - ઝમાનાના ચક્કરનું મધ્યબિંદુ છે, મરકઝ છે, જેના મરકઝ પર ઝમાનાના વક્તનો દાએરો ફીરે છે અને આ દુનિયાનો વુજૂદ છે.** ઝમાનાના ઈમામ જ કુરઆનના નાતિક, કરીન અને તેના સમઝાવનાર હોય છે. આપની ઝબાન પર હર વક્ત હર બયાનાતમાં કુરઆનના ઈરશાદાત અને આયાતની મૌજૂદગી અને હવાલાઓ હોય છે અને આપ કોઈ વક્ત પણ કોઈ આયતની ગિન્તી યા સૂરતનું નામ તેહરીર ફરમાવતા નથી. ઈસ્માઈલી તૈયેબી લીટરેચર અને અદબી તેમજ ફલસફાના કિતાબોમાં કુરઆની આયતનો એ તરહથી ઈસ્તેઅમાલ કરવામાં આવે છે કે, કોઈ પણ ફસલ, બાબ કે ખુત્બાઓના અવ્વલ-આખિરના કલામમાં અલ્લાહના હમ્દની ઈબારતમાં ખાસ તૌર પર કુરઆની આયતની ઝિક્ર કરવામાં આવે છે અને તેની તશરીહમાં અકલી-નકલી-શરઈ-રસ્મી હકીકતો અને અકીદાના દાએરામાં રહીને તેની કાફી-શાફી તફસીર કરવામાં આવે છે. આ મુજબની અદબી-ઈલ્મી ૮૦૦ મજલિસો મૌલાના ઈમામ મુસ્તનસિર (અ.સ.) ના બાબુલ અબ્વાબ સૈયદના મોઐયેદે ફિદ્દીન શીરાઝી સાહબ (ક.રૂ.) એ દરબારે ફાતેમીમાં આકિલો અને ઝહીનોની હાઝિરીમાં પઢી હતી, જે આજે દાઅવતે શરીફાના કુતુબખાનામાં એક માયએ નાઝ સરમાયો મૌજૂદ છે. આ નાદિર મજલિસોની અરબી ઈબારત અને માઅનાથી આપ મૌલાની ગૈર માઅમૂલી ઈલ્મી લિયાકત અને મહારતનો દરજો-મેઅયાર ઝાહિર કરે છે. આ મજલિસો હકીકતમાં અડધાથી ઝિયાદહ કુરઆનની તફસીરને બરાબર છે. તેથી ઈસ્માઈલી તૈયેબી મઝહબમાં આ મજાલિસ એક મુમ્તાઝ મકામ રાખે છે અને એ જ અહલે બૈત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના આલે અત્હર (અ.સ.) ના ઊલૂમો ફુનૂનની મજમૂઈ તૌર પર તરજૂમાની કરીને હક્કન હક્કા કુરઆની તફસીરો તન્ઝીલના ખાકા ને પૈશ કરે છે. ★

## -::: ગુલ્શને ફિક્હ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિક્ર

### નમાઝ

✤ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, જે વક્ત નમાઝી નમાઝ પઢવા વાસ્તે ઉભો થાય છે, તે વક્ત એના ઉપર આસ્માન તરફથી ઝમીન ઉપર રહેમત ઉતરે છે અને ફરિશ્તાઓ એ નમાઝીને ઘેરી લે છે. આમાંથી એક ફરિશ્તા એને નિદા કરતા હોય છે કે, અગર આ નમાઝીને ખબર પડી જાય કે નમાઝને એના વક્ત પર અદા કરવામાં શું સવાબ અલ્લાહતઆલા અતા કરે છે, તો નમાઝને તે હરગિઝ ન છોડે બલકે દુનિયાના કુલ કામો એના વાસ્તે બેમાઅના થઈ જાય.

✤ ઈરશાદે રબ્બાની છે કે, **ઇન્નહા લકબીરતુન ઇલ્લા અલલ ખાશેઇને** - ખુશૂઅ કરનાર લોગો કે, જેઓ હર વક્ત અલ્લાહની તાઅત અને ખુશીમાં રહે છે, શરીઅત પર રાત-દિન ગુઝારે છે, હર અમલ ખૈર પર મબ્ની રાખે છે તેઓ વાસ્તે નમાઝ પઢવી ઘણી આસાન વાત છે, તેમના રોઝના ટાઈમટેબલમાં નમાઝ વાસ્તે એક ખાસ મકામ છે, તેઓને નમાઝ પઢવા સિવાય ચૈન પડે જ નહીં. પણ આ નમાઝ તો એ બેનમાઝીઓ વાસ્તે ઘણી ભારી અને મોટી છે,

*(બકીયાહ પેજ નં. ૯પર)*

**તે જવાબ, અલ્લાહને ખૂબ પસંદ છે જેમાં નાદાની ન હોય.**

## -::: હિકમતના લોગો વાસ્તે "હકીમસાબ" ના નુસ્ખા :::-

**Depression - ડીપ્રેશન**

હાલનો Modern ઝમાનો કે જે તરક્કી અને નવી ચીઝોના ઈજાદ અને શોધ (invention & discovery) નો ગુલામ છે, depression જેવી બીમારી ઘણી common અને આમ બની ગઈ છે. આજના નૌજવાનો આ લફઝનો ઈસ્તેમાલ ઘણી છૂટથી કરે છે અને કહે છે કે, **"હું તો ઘણો depressed છું,"** યા મને તો depression થઈ ગયું છે. એક તરફ ઝમાનો તેઝીથી આગલ વધી રહ્યો છે તો બીજી તરફ ઈન્સાની દિમાગ આ દૌડમાં થાકીને પાછલ પડી રહ્યું છે, જેને આમ ઝબાનમાં depression કહેવાય. જે વક્ત ઈન્સાની ઝહેન પોતાને આસપાસના હાલાતને adapt ન કરી શકે યા બરદાશ્ત ન કરી શકે તો એના અંદર depression ના આસાર (signs) માલુમ પડે છે :

૧ બચ્ચુ સ્કૂલની કે college ની exams માં ઓછા marks લાવે તો depression થાય.
૨ કારોબાર યા business માં નફો કે કામિયાબી ન મીલે તો depression થાય.
૩ ઘરમાં અચાનક કોઈની વફાત થાય યા કોઈ ગમખ્વાર વાકેઓ બને તો depression થાય.
૪ બૈરો શાદી બાદ એના નવા ઘરના માહૌલમાં adjust ન થઈ શકે તો depression થાય.

જો યહાઁ પર એક-એક હાલાત લખવા જઈએ તો list ઘણું લાંબુ થઈ જાય. Depression એક એવી બીમારી છે, જેમાં ઉંમરની, ઝાતની, વક્તની, જગાની કોઈ બંદિશ (limits) નથી. આ કોઈને પણ થઈ શકે છે. જે વક્ત ઈન્સાનના expectations (ઉમ્મીદો) પોતાની capacity (હૈસીયત યા તાકત) યા ability થી ઝિયાદહ થઈ જાય કે જે પૂરી ન થઈ શકે તો depression આવી જાય છે. Medically જોવા જઈએ તો, depression ની ઘણી types છે જે આમ ઈન્સાનને સમઝવી મુશ્કિલ છે.

**Depression ના આસાર (signs) :**

(૧) Depression, ઈન્સાનમાં જિસ્માની તૌર પર ઘણા બદલાવ લાવે છે :
- ભૂખ ઓછી લાગવી.
- ઊંઘ ઓછી આવવી યા ઝિયાદહ આવવી.
- માથામાં દુખાવો થવો.

(૨) Depression ઈન્સાનની સ્ફૂર્તિમાં કમી લાવે છે. Depressed શખ્સ હમેશા એકલા રહેવાનુ પસંદ કરે છે. કોઈને સાથે વાતચીત યા મેલજોલ રાખવાનુ નાપસંદ કરે છે. કામ કરવામાં સુસ્તી મેહસૂસ કરે છે. એવો એહસાસ થાય છે કે, જિસ્મમાં બિલકુલ તાકત નથી અને daily routine ના કામો એને વાસ્તે બોઝ લાગે છે, વારંવાર નાની-નાની વાતોમાં ગુસ્સો આવી જાય છે. કોઈ કારણ બગૈર રોવું આવે છે અને મન ઉદાસ રહે છે. એની સોચવાની તાકત કમ થઈ જાય છે.

(૩) Depressed શખ્સ ને એવો એહસાસ થાય છે કે, એનુ દુનિયામાં રહેવાનો કોઈ અર્થ નથી અને એની ઝિંદગી નાકામિયાબ છે. એ એવું માને છે કે, ઝિંદગીમાં એ કોઈ ચીઝ હાસિલ કરી ન શકો. બધી બુરી ચીઝો નો ઝિમ્મેદાર પોતાની ઝાતને ઠેહરાવે છે.
Depressed શખ્સ society માં આવતા ડરે છે એમ સોચીને કે, બધા લોગો એની નાકામી (failure) પર હંસી કરશે.

(૪) બચ્ચાઓમાં depression ના આવા આસાર જોવા મીલતા નથી. મગર એવા cases માં headaches, stomach ache (પેટમાં દર્દ), school માં ઓછું attention, જમવાની આદતમાં અચાનક બદલાવ, સ્વભાવમાં બદલાવ વગૈરા signs જોવા મીલે છે.

(૫) Depression જ્યારે serious હોય છે, તે વક્ત તરહ-તરહના આભાસ (delusions) થઈ શકે છે,

*(બકીયાહ પેજ નં. ૧૨ પર)*

**અલ્લાહ મોહબ્બત કરે છે તે શખ્સને જેને ગુસ્સે કરવામાં આવે પણ તે સુકૂન રાખે.**

## -::: તારીખી અવસરોની દિલકશ ઝલક :::-

**તકરીર અનોખી હોતી હૈ, તેહરીર નિરાલી હોતી હૈ,**
**દાઇકી દુઆ ગર શામિલ હો, તાસીર નિરાલી હોતી હૈ,**
**જો કામ ભી કરના હોતા હે, વો વક્ત પે હો હી જાતા હૈ,**
**મૌલા કી હમારે દેખા હે, તદબીર નિરાલી હોતી હૈ.**

ખુશ ઈકબાલ, બલંદ બખ્તના જમાઅતના અકીદતમંદો કે, ફલક ઈકતેદાર નેહરે પુર અન્વાર અબુ હાતિમ સૈ.વ.મૌ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહબના દૌરે અન્વર અને અસરે અઝહરમાં આપની બાબરકત હાઝરીમાં મુકદ્દસ મૌલા શહીદે આઅલા સૈ. અલી શમ્સુદ્દીન બિન ઈબ્રાહીમ (આ.કુ.) ની ૪૦૦ સાલા તખ્તનશીનીનો મૌકો નસીબ થયો. હક્કની દાઅવતનાં પરચમને બલંદોબાલા કરનાર ગુઝરેલા સૈયદના સાહબોની યાદગીરી પણ બેમિસાલ, નાયાબ, દિલપિઝીર, બેનઝીર અને લાસાની શિક્લમાં કામિયાબીનાં સહેરા સાથે ઈખ્તેતામ પર પહોંચી હતી.

મહીના પહેલા જ માઝૂન સાહબ, મુકાસિર સાહબ અને રાસૂલ હુદૂદ સાહબે, બાવાજી સાહેબ હુઝૂરેઆલીના ફરમાનને લબ્બેક કહીને અજલ તદબીર અને કોશિશથી મુખ્તલિફ પ્રોગ્રામને તકમીલનો જામો પહેરાવો. જમાઅતની મકબૂલ અંજુમનો, નૌજવાનો, ખવાતીનોના પુરજોશ તઆવુન અને ખુલૂસે દિલ સાથે આ મુબારક મૌકાને ખૈર અંજામ આપો. પ્રોગ્રામો શુરૂ થાય તેના એક હફતા પહેલા મરકઝે હુસૈની, બદરી મોહલ્લામાં **મેડીકલ કેમ્પ અને આઇ ચેકઅપ કેમ્પ** રાખવામાં આવો હતો, જેનો ૬૦૦ થી ઝિયાદહ મરીઝોએ ફાયદો લીધો હતો.

દાઅવત તરફથી તરતીબ અપાયેલા પ્રોગ્રામોની પહેલી બહાર બરોડા શહેરમાં શનિવાર ના દિન રૂનુમા થઈ. કૌમના નૌનિહાલો-ખવાતીનોમાં જે છૂપાયેલું હુનર છે, તેનો મુઝાહેરો લોગોને કરાવવાનો હતો. પોતાના ઘરવાલાઓના દિલોને લઝઝતદાર જમનથી જીતવાના રસ્તાને બખૂબી જાણનાર બહેનોએ **કુકીંગ કોમ્પીટીશન**માં પોતે તે મૈદાનમાં શું મહારત રાખે છે, તેનો બખૂબી મુમેનીનને નઝારો કરાવો. જોનારાના મ્હોમાંથી પાની સાથે વાહ-વાહના કલામો બેસાખ્તા નીકલી આવા. આ સાથે "**ક્રોશિયો કોમ્પીટીશન**" માં મુમેનાતના હાથની કારીગરી પણ લાજવાબ અને કાબિલે દાદ હતી જે અપની જમાઅતમાં બહેતરીન હુનરની ઝિંદા મિસાલ પૈશ કરે છે.

એ જ યૌમે સાંજે જમાઅતના નૌનિહાલો વાસ્તે અરબી ઝબાનમાં "**યા સૈયદના અલી શહીદ કરીમ**" તેહરીર કરવાની હરિફાઈમાં તકરીબન ૧૦૩ બચ્ચાઓએ હિસ્સો લઈને પોતાની હુનરબાઝીનો પરચો બતાવીને ઈન્આમાતના હક્કદાર બના. જજ સાહબોએ હિસ્સો લેનાર તમામ બચ્ચાઓની તેહરીરની સરાહના કીધી. રાતે ૯ વાગે રાખવામાં આવેલો દીની ક્વીઝ કોન્ટેસ્ટ "**અલી કે જાઁનિશારો કા મુકાબલા**" માં બેશુમાર ભાઈઓ-બહેનોએ હિસ્સો લીધો હતો અને બચ્ચાઓએ દીની ઈલ્મનો બેમિસાલ મુઝાહેરો કરી, દીની તાઅલીમની એહમીયતને ઉજાગર કીધી હતી.

રવિવારની ફજર ફાતેમી અને અલવી દાઅવત વાસ્તે ઈદુઝઝહબીનો પૈગામ લઈને આવી. પરહેઝગાર જેમ રમઝાનનો ઈંતેઝાર કરે છે, કાશતકાર જેમ બારિશની રાહ જોઈ છે, તેવી જ હાલત મુમેનીનની હતી. તમામની ઝિંદગીમાં શાયદ આ મૌકો, અવસર અને નઝારો પહેલો અને છેલ્લો હોવાનો સમઝીને ફજેરે ૭ વાગાથી જ મુમેનીન મસ્જિદે નુરાનીને કરીબ ફાખિર, શફ્ફાક અને સુફૈદ લીબાસમાં હાઝિર થાવા લાગા. કરીબ ૮ વાગે સૈયેદી માઝૂન સાહબની સદારતમાં પૂરી શાહી સવારી સાથે જુલૂસની શિક્લમાં મુમેનીન અને મદ્રસાના બચ્ચાઓ પોતાની અલવીયતની પહેચાન કરાવવા હક્કના પરચમ સાથે પુરા જોશો-ખરોશ સાથે નીકલા. હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) દેવડી મુબારકના દરવાઝા નઝદીક પધારા અને જુલૂસમાં શામિલ તમામની તેહનીયત અને તસલીમાતને આપે કુબૂલ કીધી. મુમેનીન આપના દીદારે અન્વરથી મુશર્રફ થયા. મૌકાની રાહબરી કરતા બેનરો, પોસ્ટરો, ઝંડાઓ, નિશાનો અને પ્લેકાર્ડનો નઝારો જોઈને વડોદરાવાસીઓ દંગ રહી ગયા. જુલૂસની અદબ-તેહઝીબ અને ફરિશ્તા જેવા લિબાસની રૌનક, "**યા સૈયેદના અલી ઝિંદાબાદ**" ના નાઅરાની પુકાર જુલૂસમાં ચાર ચાંદ લગાવતી હતી. તકરીબન બે કલાકની શહેરની ગશ્ત પછી જુલૂસ, ૧૦ વાગતાં મસ્જિદમાં, મજલિસની શાકેલતમાં

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**હરએક ચીઝનું દિલ છે, અને કુરઆને કરીમનું દિલ યાસીન છે.**

*(પેજ નં. ૬નું બાકી)* ***તારીખી અવસરોની.....***

ફેરવાઇ ગયું હતું. કુરઆને મજીદની તિલાવત સાથે મજલિસનો આગાઝ થયો. નસની એહમીયત, અપના દોઆતોની કુરબાની અને જાઁફિશાની, દાઅવતની નિગેહબાની કરતાં કરતાં જાન કુરબાન કરવાની દરિયાદિલીના મૌઝુઅ પર સુલતાનુલ વાએઝીન હુઝૂરેઆલી સૈયેદના સાહબે (ત.ઉ.શ.) આપની શીરીં ઝબાનીમાં હિદાયતના મોતીઓ વંખેરીને મુમેનીનમાં આઇન્દા ઝમાનમાં દાઅવત પર આંચ આવે તો ઢાલ બનીને કઇ તરહ મુનઝઝમ તૌર પર **હક્કની દાઅવતની હિફાઝત કરવી** તેનો પૈગામ આપીને મુમેનીનના હક્કમાં દર્દમંદીના લેહજામાં ખૈરો આફીયતની દુઆએ ખૈર ગુઝારી હતી, અને મુમેનીનનો શુક્રિયા અદા કીધો હતો. હુઝૂરેઆલીએ દાઅવતે હક્કના દરજાઓની તકમીલ આપતા આપના તીસરા ફરઝંદ શાહઝાદા મોહંમદ ભા.સા. નૂરૂદ્દીનને **મુકાસિરૂદ્દાઅવત**ના દરજા મુબારકા પર અને ચોથા ફરઝંદ શાહઝાદા ડૉ.ઝુલકરનૈન ભા.સા. હકીમુદ્દીનને **રાસુલ હુદૂદ**ના દરજા પર ફાઇઝ કીધા. રસ્મે ફખરી અને તૈયેબી મુજબ મજમૂઉન નિકાહના માતહત પાંચ દુલ્હાઓએ હઝરતની દુઆઓ લઇને, નવી ઝિંદગીની ઇબ્તેદા કીધી હતી.

વડોદરા શહેરમાં આજવા રોડ પર રહેતા અકીદતમંદો જશ્નો જુલૂસના નઝારાથી મહેરૂમ ન રહે તે વાસ્તે હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની સદારતમાં સાંજે ૫:૩૦ વાગે ફજરના જુલૂસની તરતીબ મુજબ આજવા રોડ પર જુલૂસ નીકાલવામાં આવું હતું. મૌકિબે અન્વર પર સવાર મૌલાનલ મન્નાનના દીદાર અને કદમબોસી કરવા મુમેનીન પોતાના ઘરોને નઝદીક શરબત અને ફૂલહાર લઇને આપનો ઇસ્તિકબાલ કરવા હાઝિર હતા અને મુમેનાત પણ આ નૂરાની નઝારો જોવા ટેરેસ-ગેલેરીઓમાં ઉભા હતા અને પૂરી ફિઝા **"અલવી જમાઅત ઝિંદાબાદ"** થી ગુંજતી હતી. મુમેનીનના ચહેરા પર જે ફરહત, ખુશી, સુરૂર અને મસર્રત હતી તે કાબિલેદીદ હતી. આકા મૌલાએ મુબારકબાદી અને તેહનીયતના બદલામાં દુઆઓના કલેમાતથી મુમેનીનના પાક દામનો ભરી દીધા હતા.

મુમેનીન-મુમેનાતનો જઝબો, જોશો ખરોશ અને દિલચસ્પ-હરદિલ અઝીઝ પ્રોગ્રામોની ભરમાર, જાણે સોને પે સુહાગા. સૌની ઝબાન પર **"ચલો જ ચલો"** ની ગુંજ હતી. રાતે ૮ વાગે બદરી મોહલ્લા, જમાઅતખાનામાં મુમેનાત દરમિયાન બચ્ચાઓની **ફેન્સી ડ્રેસ હરિફાઇ**એ જશ્નમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. બચ્ચાઓના માઁઓની મહેનત અને તૈયારીને સલામ કરવો પડે. એવી લિબાસી પરેડ જોઇને સૌ ઝૂમી ઉઠા હતા. તે બાદ અલવી તારીખમાં બેમિસાલ અને યાદગાર કહેવાય એવો સ્ટેજ-ડ્રામા પેશ કરવામાં આવો. સબ્જેક્ટની પસંદગી, બહેનોની બેખૌફ અદાયગી અને જોનારાઓની અદલ જોવા લાયક હતી. જમાઅતમાં ઘર કરી ગયેલી બદીઓ અને ખરાબીઓ અને સાથે સાથે તે દૂર કરવાની નસીહતની અક્કાસી, જોનાર તમામ બહેનોને વિચાર કરવા પર મજબૂર કરી ગઇ હતી.

જશ્નો-જુલૂસના આખરી ગુલદસ્તા તરીકે સોમવારે ફજેરે નાની કરબલા-અમદાવાદ ઝિયારતે સૈયેદના અલી (આ.કુ.) વાસ્તે કૂચ થઇ. **૮ બસો, ૨૭ ગાડીઓ અને ૭૨ જેટલી બાઇકો** પર સવાર હર બુર્ઝુગ અને જવાન પોતાની સૈ.અલી (ક.રૂ.) તરફની અકીદતમંદીનો ઇઝહાર કરવા બેતાબ હતા. **"સૈ.અલી ઝિંદાબાદ - અલવી દાઅવત ઝિંદાબાદ"** ના આસમાન સુધી પહોંચનારા નાઅરાઓ સાથે જુલૂસ જે વક્ત આપ મુકદ્દસ મૌલાના મઝારે અકદસ પર પહોંચુ તો તે વક્ત જન્નતની ક્યારીઓ અને વાદીઓમાં મુમેનીન ગશ્ત કરતા હોય એમ ગુમાન થાતુ હતુ. મૌકાને મોતઅલ્લિક જનાબ માઝૂનસાહબની મોઅસ્સિર તકરીર અને **"સૈ.અલી શહીદ કરીમ"** ની બૈતથી માનો સૈ.સાહબ અમારી ઇલ્તેજા-દુઆઓને સાંભલવા હાઝિર હોય, એમ જ દિલને યકીન થાતુ હતું. મુમેનીને ફૂલોની ચાદરોનો હદીયો અરઝ કરીને તકરીબન કબરનો નઝારો પૈશ કરી દીધો હતો. **"યા હુસૈન-યા હુસૈન" ની દર્દનાક સદા સાથે થયેલુ માતમ અને આહોઝારી, હક્કની દાઅવતના પરચમને બલંદોબાલા તાકયામત-તાઅબદ ઝિંદાઓ જાવેદ રાખશે, એમાં કોઇ શક નથી."** એમ માઝૂન સાહબના આખરી કલામ હતા.

ઝિયારતથી ફારિગ થઇને હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના ફરમાનથી અલ્તાફો કરમની નઝર સાથે તમામ ઝાએરીન વાસ્તે, તઆમો ઇકરામનો અઝીઝ અને લઝીઝ બંદોબસ્ત કરવામાં આવો હતો. દિલમાં સુનેહરી યાદો અને પુખ્તા યકીન સાથે મુમેનીન વતન તરફ રૂજૂઅ થયા હતા. **"જેની ઇબ્તેદા બહેતર, એનો અંજામ ખૈર"** એ કલામને મદ્દેનઝર રાખીને હુઝૂરેઆલીની ભલી અને નૈક દુઆઓ, કોશિશ, તદબીર અને ઝાતી નીગરાનીના સબબ તીન દિનના પુરજોશ પ્રોગ્રામો બાખૂબી અંજામ પર પહોંચા હતા. ★

**જન્નતમાં જાવું નાપસંદીદાહ હાલાતથી ઘેરાયેલું છે અને .....**

## -: શરાબ : નાપાક દુનિયાનો શયતાની બાદશાહ:--: કિસ્ત-૨ :-

જ્યાં લોગો નશીલી ચીઝોનો બિલા ખૌફ ઈસ્તેમાલ કરશે ત્યાં હર તરહની બદી દાખિલ થાશે. પહેલામાં પહેલી બદી ઝિના-બદકારી-ફહેશકારી-ગૈર જાઈઝ જિસ્માની તઅલ્લુકાત-extra marital affair હશે અને જ્યાં ઝિના થઈ હશે ત્યાં બિલા શક ફના જ ફના છે, બરબાદી જ બરબાદી છે.

એક બદકાર, બદચલન અને ફાહેશા ઔરતે એક ઈબાદતગુઝાર, પરહેઝગાર શખ્સને પોતાની ખૂબસૂરતી અને હુસ્નો જમાલના ફંડામાં લઈને દુનિયાની લાલચમાં ફસાવીને પોતાના કબ્ઝામાં લીધો. એ શખ્સ આહિસ્તા-આહિસ્તા ઈબાદતને કમ કરતો ગયો અને એ ફાહેશા ઔરતના ઘર પર આમદો રફત વધારતો ગયો. બનું એવું કે, એં ઈબાદતને પૂરી તરહ છોડી દીધી અને સવાર-સાંજ એ ઔરતના ઘરમાં કલાકો ગુઝારવા લાગો. જેમ એક માકડી તેના ડંખથી શિકારને અધમુવો કરી નાંખે છે, તેમ એ ફાહેશાએ આ શખ્સને એની ખૂબસૂરતીનો ડંખ મારી અને ઈબાદત બગૈરનો બેજાન બનાવી એની બદકારીની જાલમાં ફસાવી દીધો. જે વક્ત એ ફાહેશાને લાગુ કે, હવે શિકાર બિલકુલ એના કાબૂમાં છે તો એ કહેવા લાગી કે, અય નૌજવાન ! જો તુંને મારી સોહબતમાં રહેવું હોય તો આ ચાર ચીઝો માંથી કોઈ એક ચીઝ કરવી પડશે. **(૧) શરાબ પીવી (૨) કલામુલ્લાહને બાલવા (૩) તારા બૈરો-બચ્ચાને મારવા (૪) મારા સાથે ઝિના કરવી.**

જે વક્ત આબિદ નૌજવાને આ ચીઝો સાંભલી તો ખયાલ કરવા લાગો કે, આ ચાર ચીઝોમાંથી સૌથી આસાન કામ શરાબ પીવી છે. મેં શરાબ પીવાની બનાવટ કરીશ અને પછી ઉલટી કરી દઈશ. જે વક્ત એ નૌજવાને શરાબનું એક ઘૂંટ પીધું પછી બાકીની શરાબ પણ ગટગટાવી ગયો. પોતાનો હોશ ખોઈ બેસો. નશામાં ચકચૂર થઈ ગયો. અક્લ પર પડદા પડી ગયા. ખુદને કાબૂમાં ન રાખી શકો. આ હાલતમાં એ ફાહેશા ઔરત સાથે ઝિના કરી બેસો. ઝિના કીધા બાદ વધારે શરાબ પીધી અને ગુસ્સાની હાલતમાં કલામુલ્લાહ પણ જલાવા. પછી એ ઘર તરફ ગયો અને પોતાના ઘરવાલા સાથે બદતમીઝી અને બદસુલૂકી પર સવાર થયો. ઘરમાંથી ચાકૂ લઈને બાઝારમાં દોડવા લાગો અને એક શખ્સના પેટમાં ચાકૂ ભોંકી દીધું. એ શખ્સનું મૌત થયું અને લોગોએ એ નૌજવાનને પકડી લીધો. કત્લ કરવાના જુર્મમાં એને સખ્ત સઝા કરવામાં આવી, એને કૈદખાનામાં નાંખવામાં આવો. જે વક્ત નશો પૂરી તરહ ઉતરી ગયો તો નૌજવાન **"ખૂબ રોવા લાગો, અફસોસની આહ ભરવા લાગો અને કહેવા લાગો કે, શરાબ, બધી બદીઓની જડ છે. મારી ઝિંદગીને બરબાદ કરનાર શરાબ છે. દુનિયાના શરથી દૂર રહેવું હોય તો શરાબ- શર આબ નાપાક પાનીથી દૂર રહેજો."**

ખુદાતઆલાએ કુરઆનમાં આયતે તેહરીમમાં યાઅની ઈન્નમલ ખમ્રો.....તુફલેહૂન" માં શરાબનો પહેલો નંબર રાખીને બતાવું છે કે, ખમર અવ્વલ નંબરની હરામ ચીઝ છે. પછી શરાબ અને જુગારને મૂર્તિ પૂજા કરવા સાથે મીલાવીને બતાવું છે કે, શરાબી-જુગારી, બુતપરસ્ત મુજબ જ પાપી-ગુનાહગાર છે. હદીસે શરીફમાં રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"મુદમેનુલ ખમરે ક આબેદિન વસેનિન."** યાઅની હમેશા શરાબની મદહોશીમાં રહેનારતે બુતપરસ્તને મિસિલ છે જે હમેશા પત્થરના ખુદાઓની ચાકરી કરવામાં ગુમ રહે છે. શરાબ વગૈરા નશાવર ચીઝોને રિજસ (નાપાક) કહ્યું છે અને હરએક નાપાક ચીઝ હરામ હોય છે. શરાબ પીવાને શયતાનનો અમલ કહ્યો છે અને શયતાનનો અમલ તો બધી જ ખરાબીઓની જડ હોય છે, લેહાઝા ખુદાએ તેનાથી દૂર રહેવાનો હુકમ કીધો. હવે જે શખ્સ તેનાથી બચીને રહે તેના વાસ્તે જીતને હાસિલ કરવાનો વાઅદો કીધો- **"લઅલ્લકુમ તુફલેહૂન."** નશીલી ચીઝોને હરામ કરવાનો સબબ એ બતાવો છે કે, આ શરાબ અને જુગાર તમારા આપસમાં કીનો અને અદાવત પૈદા કરે છે, અકલને મારી નાખે છે અને ખુદાતઆલાની ઝિક્રથી અને નમાઝને કાઈમ કરવાથી તમને રોકે છે. પછી સખ્ત તાકીદ છે કે, **"ફહલ અન્તુમ મુન્તહૂન,"** ભલા તમેં શરાબથી તમારી ઝાતને બચાવશો કે નહીં ! તમેં અલ્લાહ અને અલ્લાહના રસૂલના હુકમને માનો, એમની બેફરમાની કરવાથી ડરો, બચો. આખિરમાં ખુદાતઆલા સખ્ત અલ્ફાઝમાં ફરમાવે છે કે, યાદ રાખો કે, અગર તમેં નહીં માનો અને આ ચારે હરામ ચીઝો ને ઈસ્તેમાલ કરશો

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

## -::: ઝિંદાબાદ.... ઝિંદાબાદ.... :::-

**ઝિંદાબાદ ઝિંદાબાદ, હક્કકી દાઅવત ઝિંદાબાદ,**
બદરી મોહલ્લા, અલવી જમાઅત,
તૈયેબ ઝિયા ઔર તૈયેબી દાઅવત,
**હરસૂ રહે આબાદ..... ઝિંદાબાદ... ઝિંદાબાદ.**
પ્યાર મોહબ્બત અમ્ન કે હામી, અલવી હમ કહેલાતેં હૈં,
મસ્કન હમારા ચાહે જુદા હો, આખિર બડૌદેવાલે હૈં,
હસ્તી મિટે તો પરવાહ નહીં હે,
**રેહ જાએગી યાદ..... ઝિંદાબાદ... ઝિંદાબાદ.**
ફાતેમા ઝહરા ઔર અલી હો, શામિલ આકા કી રહમત હો,
નઝરે ઈનાયત હસનૈન કી હો, કામ મેં ફિરતો બરકત હો,
રંજો મુસીબત કૈસે ડરાયે,
**હર ગમ સે આઝાદ... ઝિંદાબાદ... ઝિંદાબાદ.**
કૌમ કે હમ બાશિંદે ઠહરે, પરચમે હક્ક લહરાયેંગે,
બસ્તી અલીવાલોં કી જહાં હો, ઉનકા સાથ નિભાયેંગે,
આપસમેં ખુશિયાઁ બાટેંગે,
**હમ ન હોંગેં નાશાદ... ઝિંદાબાદ... ઝિંદાબાદ.**
આકા અલી હૈ દાઈ હમારે, બાતિલ સે ટક્કર જીસને લી,
હસ્તી મિટાદી ખુદકી જીન્હોંને, લેકિન કૌમ કો ઝિંદા કી,
હક્કવાલે હક્ક પર મિટતે હૈં,
**કરતેં નહીં ફરિયાદ... ઝિંદાબાદ... ઝિંદાબાદ.**
આજ હરેક અલવી કી દોઆ હૈ, કબ્ર દુબારા બન જાએ,
રોઝે મેં જલ્દ સે જલ્દ ઈલાહી, ઉનકા નઝારા હો જાએ,
ચૂમ લેં આઁખોં સે મરકદ કો હમ,
**હોતે રહેં દિલશાદ... ઝિંદાબાદ... ઝિંદાબાદ. ★**

## દર હઝરતે સૈ.બદરૂદ્દીન સાહબ (આ.કુ.)
### ઉર્સ મુબારક : ૮ શાબાન, બુસ્તાને બદરી

આપકી ઝાતે ગિરામીથી બહોત ઈઝઝતમઆબ,
એક આલમ હો રહા થા આપ હી સે ફૈઝયાબ.
આપ કે કિરદાર કા ગુફતાર કા અંદાઝ ક્યા,
ઝિંદગાની આપ કી થી મોઅતબર ઔર કામિયાબ.
કોશિશે પૈહમસે શીરાઝા બિખરને ન દીયા,
હર અમલ લાસાની થા ઔર હર કદમ થા લાજવાબ.
આપકી હરદિલ અઝીઝી સે યે મીલતા થા પતા,
યે નિગાહે મરદે મુમિન કે યકીનન ઈન્તેખાબ.
હો નહીં સકતા કોઈ ભી આપકા નેઅમુલ બદલ,
આપકી હસ્તી કહાઁસે હોગી ફિરસે દસ્તયાબ.
અલવીયત કા લો હુવા હૈ બોલબાલા આપસે,
આપકી ખિદમત મેં કરતે હૈં સલામ આલી જનાબ.
થે જો મેહવે ગુફતગૂ કલ તક હમારે દરમિયાઁ,
આજ હૈ આરામ સે ઝૈરે ઝમીં વો મેહવે ખ્વાબ.
રહેમતેં બરસે સદા તુરબત પા બસ આઠોં પહેર,
ચાઁદની ભી જગમગાએ મીલને આયે આફતાબ.
હે દોઆ લબ પર યે "અલવી" બાસફા કે હે યે હી,
હો નુઝૂલે રહેમતે બારાં લહદ પર બેહિસાબ. ★

*(પેજ નં.૭ નું બાકી)*

***શરાબ : નાપાક.....***

તો પછી હમારી ઝિમ્મેદારી એટલી જ હતી કે, હમેં તમને ખબર કરી દઈએ, તમને સમઝાવી દઈએ. આ સાથે જો તમેં નહીં માનો તો ખુદા તમને અઝાબ વાસ્તે ઝરૂર પકડશે.

ખુદાતઆલાએ શરીઅતમાં ખાવા-પીવા બાબત તે ચીઝોને હલાલ કીધેલી છે જે ફાયદામંદ હોય, અકલ તેમજ જિસ્માની તંદુરસ્તીને નુકસાનકારક ન હોય, બલ્કે મુફીદ હોય. **હરામ કરવામાં આવેલી હર ચીઝ યા તો જિસ્માની સેહતને નુકસાન પહોંચાવે છે યા અક્લને બુદ્ધી અને કમ્ઝોર બનાવી દે છે.** જિસ્માની તંદુરસ્તીને બરકરાર રાખવા વાસ્તે તૈયેબ-પાકો સાફ ખોરાક હોવો જોઈએ. તેમ નફસાની-અકલી તંદુરસ્તી વાસ્તે નૈક અમલ સાથે પાક ઈલ્મ, અહલુલ બૈત (અ.સ.) નું ઈલ્મ, ઈમામે આલે મોહંમદ (સ.અ.વ.વ.) પાસેથી હાસિલ કીધેલું ઈલ્મ, નાઈબે ઈમામ દાઈએ હક્કથી શીખેલું ઈલ્મ હોવું જોઈએ. શરાબ પીવાથી નશો ચઢે છે, તેથી તે પીવી જોઈએ નહીં, તે હરામ છે, આ વાત ઝાહિર છે, આમ છે, એટલે આસાનીથી સમઝી શકાય છે. હવે શરાબના હરામ થાવાનું બાતિન ઘણું ગહેરૂં છે. દીન અને શરીઅત બાબત જૂઠી વાતો-રિવાયતો, બનાવટી હદીસો, ખોટી તફસીરો, મનઘડીત કિસ્સાઓ જેને અહલે બૈત (અ.સ.) ના દુશ્મનો સાચું ઈલ્મ માની બેસેલા છે **તે હકીકતમાં પાક પાની નથી પણ શરાબે નાપાક છે.** ઈમામે હક્ક અને દાઈએ હક્કએ જારી કીધેલી ઈલ્મની પાક પાનીની હઝારો નહેરોનું અસલ અને સરચશ્મો પંજતને પાક (અ.સ.) ની સીરત-સૂરત-અખ્લાક-આઅમાલ છે. ★

**કયામતના દિન અલ્લાહના નઝદીક તમામ લોગો કરતા ઝિયાદહ સખ્ત અઝાબવાલો .....**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઇ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઇ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઇ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તૈઝ કરો.....

**આડી તરકીબ :**

(૧) આઅલાનું વિરૂધ્ધાર્થી. (૩)

(૩) નૈકીની જઝા મીલે તો બદીની ---- મીલે. (૨)

(૪) અવ્વલ (પહેલો) -----, સાલિસ (ત્રીજો) ----- (૨)

(૫) તમામ કરતા ખૈર અમલ જેનું સૌથી પહેલા પૂછની થાશે. (૩)

**ઊભી તરકીબ :**

(૧) નમાઝ વાસ્તે ઇઝન આપવાને શું કહેવાય ? (૩)

(૨) તબીઅત બરાબર ન હોવી. (૩)

| | | | | |
|---|---|---|---|---|
| | ૧ | | ૨ | |
| ૩ | | ▒ | ૪ | |
| | ૫ | | | |

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :**

(૧) | ક | ર | બ | (લા) |

(૨) | ક | (સ) | ર |

(૩) | બ | હા | (દુ) | ર |

(૪) | વ | (હ) | બ |

(૫) | (અ) | જ | (લ) |

**ફાઇનલ જવાબ :** | અ | સ | દુ | લ | લા | હ | ★

---

*(પેજ નં. ૩નું બાકી)* ***ગુલ્શને ફિકહ.....***

જેઓ નમાઝને છોડીને બીજા કામો પર લાગી જાય છે. જે શખ્સ મસલ્લો બિછાવે જ નહીં, દોઆ કરે જ નહીં, નમાઝ વાસ્તે ઊભો થાય જ નહીં અને અચાનક કોઇ વકત એને નમાઝ પઢવા વાસ્તે કહેવામાં આવે તો એની મિસાલ એવી અપાય કે, બાઇક ચલાવનાર ને ચાલવાનું કહેવામાં આવે. બાઇકની તૈઝ રફતારની આદત પડી હોય તો એને ચાલવાનું કયાંથી ગમે ? બાઇક પર તો ફટ કરીને ઉડી જવાય પણ ચાલવામાં તો વકત, મહેનત અને નિય્યત જોઇએ. કોઇ પણ કામ મન ગમતા વકત પર ઓછું-વધતું કરીને અંજામ આપી શકાય છે, પણ નમાઝ વાસ્તે પાકીઝગી, વકત, મહેનત અને પાકી નિય્યતની ઝરૂરત પડે છે. આજના ઝમાનામાં હુશિયાર શખ્સ તે છે, જે બાઇકની રફતારને તો જાણતો હોય પણ તે પહેલા એ ચાલવાના ફાયદાથી ખૂબ ખબરદાર હોય! **જેમ ચાલવાથી જિસ્મની સેહત છે, તેમ નમાઝ પઢવાથી અમલની સેહત છે.**

✤ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તમામ અમલોમાં ઝિયાદહ મહેબૂબ અમલ અલ્લાહને નઝદીક નમાઝ છે અને આ નમાઝ સઘલા અંબિયા (અ.સ.) ની વસીયતોમાં આખિરી વસીયત છે. આ વાત કરતા બીજી કોઇ વાત બહેતર નથી કે, કોઇ મરદ ગુસુલ કરે યા વુઝૂ કરે, પૂરી તરહ પાક થાય પછી કોઇ એવી જગામાં નીકલી જાય જહાઁ એને કોઇ જોય નહી, મગર અલ્લાહતઆલા એને નમાઝ કાઇમ કરતા જોઇ, એ રૂકૂઅ-સજદો દેતો હોય, દોઆ કરતો હોય. જે વકત નમાઝમાં એ શખ્સ સજદો દે તો ઇબ્લીસ ઝોર ઝોરથી પુકારવા લાગે કે, **"અજબ રે મારી હલાકી ! આ બંદાએ તો અલ્લાહની તાઅત કીધી અને મેં નાફરમાન થયો, આને તો સજદો કીધો અને મેં તેનો ઇન્કાર કીધો."** બંદો અલ્લાહતઆલાથી ઘણો ઘણો કરીબ હોય છે જે વકત એ સજદામાં હોય છે. ★

**સબર એવો ફાસલો છે જે કોઈ વકત પૂરો થાતો નથી અને કનાઅત એવી તલવાર છે જે કોઈ વકત ધારદાર થાતી નથી.**

**..... તે શખ્સ હશે કે તેની બદકારી અને ફિત્નાખોરીથી લોગો ખૌફ રાખતા હોય.**

## -::: ઝાહેર ખબર :::-


Ismat Madam's
**Genius Personal Tuition Class**
Std.10 : Sanskrit, Gujarati, Hindi
(Eng. & Guj. Medium)
**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**
103, Ali Chamber-1, Taiyebi Park,
Ajwa Road, Vadodara - 19.
M.: 9974405146 ★

### અયમન હોઝીયરી


**દરેક પ્રકારની બ્રા, પેન્ટી, સ્લીપ, ફેન્સી સેટ તથા લેડીઝ ઇનર વેર વ્યાજબી ભાવે મીલશે.**
તરન્નુમ ઝહીર કાચવાલા
વાડી, સ્વામીનારાયણ મંદિર પાછલ,
પુરાવાલાની ચાલી સામે, રફાઈ મોહલ્લા,
વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૩૦૨૪૩૩૯ મો.: ૯૦૧૬૪૨૦૩૬૧૦ ★





## -::: મુબારકબાદ :::-



**સમલાયાવાલા આસીયા મુન્તઝિરભાઇ** મદ્રસએ તૈયેબીયાહના આ સાલના ઈમ્તેહાનમાં આ હોનહાર દીકરીએ પોતાની કલાસમાં અવ્વલ નંબર હાસિલ કીધેલો છે. દીની તાઅલીમમાં કામિયાબી સાથે દુન્યવી તાઅલીમમાં Std.1 માં "A" grade હાસિલ કરીને ઉમ્દા મુઝાહેરો કીધેલો છે. ★



**બુકબાઇન્ડર હુસૈન અબ્બાસઅલી** આ હોનહાર દીકરાએ દુન્યવી તાઅલીમમાં Std.III માં 88.75% હાસિલ કરીને ઉમ્દા મુઝાહેરો કીધેલો છે. ★



**ભાઇસાહેબ ફાતેમા ઇદરીસભાઇ** એ સૈ.અલી સાહબ (ક.રૂ.) ની તખ્તનશીનીના ૪૦૦ સાલના પ્રોગ્રામોમાં ફેન્સી ડ્રેસ કોમ્પીટીશનમાં અવ્વલ નંબર હાસિલ કરી ઘણી ઉમ્દા ફનકારીનો મુઝાહેરો કીધેલો છે. ★




**તે શખ્સ ધોકામાં નહીં રહે જે તેના હુકમમાં ઈન્સાફ કરશે, તેની પહોંચ મુજબ જમાડશે અને તેની દુનિયાથી આખેરત વાસ્તે ઝખીરો કરશે.**

**ફઝીલતોથી બેખબર રહેવું મૌત બરાબર છે.**

**જે ચીઝ તું ચાહે છે તેના કરતા તુ ઝિયાદહ ફાઝિલ હોય તો તુ તેનો અમીર છે અને જે ચીઝ તુ ચાહે જેનાથી તારૂં કામ થાય તો તુ તેનો નઝીર છે, જોડીદાર છે. જે ચીઝ તુ ચાહે અને તુ એનો મોહતાજ હોય તો તુ એનો કૈદી છે.**

**અલ્લાહતઆલાએ બૈરો પર ગૈરત અને શરમને અને મરદો પર જેહાદને વાજિબ કીધી છે,.....**

## -::: ઝાહેર ખબર :::-


**ડૉ. રોશનઅલી વ્હોરા** એમ.એસ. (ઇ.એન.ટી.)
**નાક, કાન અને ગલાના સર્જન**
**શિફા નર્સિંગ હોમ,**
એકતા ભવનના બાજુમાં, પાણીગેટ, વડોદરા.
ટાઇમ : બુધ-શનિ : ૬ થી ૮ સાંજે રવિવાર : ૧૧ થી ૧૨ સવારે
(અગાઉથી એપોઇન્ટમેન્ટ લઇને આવવું.)
ફોન : ૨૫૭૦૩૩૮ ★

**....કારપેટ ....કારપેટ ....કારપેટ ....**
અમારે ત્યાં નવીન ડિઝાઇન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....
**લકી કારપેટ સેન્ટર**
C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬
વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★

*Karlo Zyada Percentage Ka Irada*
**AZM TUITIONS**
અનુભવી ભા.સા. અહમદઅલી ની ઝાતી નિગરાનીમાં ધો.૮-૯-૧૦ માટે એરેબિક, પરશીયન, હિન્દી, ગુજરાતી અને સમાજ વિદ્યા (અંગ્રેજી - ગુજરાતી માધ્યમ) ના ટયુશન ચાલુ છે. ચાહો તો લાભ લઇ શકો છો.
મો. ૯૩૭૪૫૧૦૫૩૮ ઘર : ૨૫૬૦૫૨૫
For investment in Equity & Commodity Market
Call : 9898177187 ★

*No Picnic..No Gupshup..Only good results*
**NOORANI CLASSES**
Nooruddin Zariwala
Std. 1 to 7 all subjects
Std. 8,9,10 Gujarati, Hindi, Arabic, Sanskrit & Persian
Batches of SSC Classes are almost full Grab your admission right now.
Dial : 9377552582. ★

**PERSONAL TUITION CLASSES**
1st to 7th std. (Eng./Guj. Medium)
11th Commerce (Eng./Guj. Medium)
ALL SUBJECTS
**Anjuma Alihusain Tinwala**
(M.com., B.Ed., 5 Yrs. exp. in teaching)
B/304, Krishna Nagar Soc., Taiyebipark,
Ajwa Road, VADODARA - 390 019.
Contact No.: 9228905066. ★

**માસુમા બુટીક**
૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.
**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**
ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

**અલી ટૂર્સ**
હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ની ઇજાઝતથી અલવી મુમેનીન વાસ્તે ઝિયારતનો સુનેહરો મૌકો
ટૂર : **૧૮ દિવસ** (કરબલા, નજફ અને શામ)
ખર્ચો : ૬૭,૦૦૦/- (બોર્ડર ક્રોસિંગની તકલીફ વગર શામથી નજફ **ફલાઇટમાં** લઇ જવામાં આવશે.)
વક્ત : **શવ્વાલમાં**-ટૂર દૌરાન બેહતરીન સુવિધાઓ આપવામાં આવશે.
કોન્ટેક્ટ : અલીઅકબર પૂનાવાલા (મુંબઇ) :
૦૯૩૨૪૫ ૬૪૦૯૦, ૦૯૨૨૪૪ ૦૯૪૬૬.
અલી અફઝલ લોખંડવાલા (વડોદરા) :
૦૯૮૨૫૧ ૫૨૪૫૪.
મુમેનીનથી ઇલ્તેમાસ છે કે પોતાનો પાસપોર્ટ રમઝાન મહીનાના પહેલા હફતામાં જમા કરાવી લેવો. ★


## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : અબ્દેઅલી અમીરૂદ્દીન પાદરીયા (ટેલર)
સરનામું : "અલી મંઝિલ", તૈયેબી પાર્ક, આજવા રોડ, વડોદરા.
ફોન : ૬૫૩૧૦૭૧
સબબ : કેન્સર
વફાતની તારીખ : ૨૩ રજબ ૧૪૩૦, ૧૭/૭/૨૦૦૯, બુધવાર.
(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઇલ્તેમાસ છે.)

**ઝઈફ લોગોનું તાકતવરથી અદાવત કરવું, એહમક લોગોનું હિકમતવાલાઓ સાથે અદાવત કરવું અને શર લોગોનું ખૈરવાલા સાથે અદાવત કરવું એવી તબીઅત છે કે જે બદલી શકાતી નથી.**

**...... તો જે બૈરો સવાબને પામવા સબર કરશે તો એને શહીદની જેમ અજર મીલશે.**

*(પેજ નં. ૪નું બાકી)*　　***હિકમતના લોગો.....***

જેમ કે આવાઝો સંભલાવવા, ચીઝો દેખાવવી, ઘરમાં કોઇનો હોવાનો એહસાસ થાવો, વગૈરા. આવા symptoms ખાસ કરીને એવા cases જેમાં કોઇ વફાત (death) થયું હોય કે, જેનાથી એ શખ્સ ને ખૂબ લગાવ યા મોહબ્બત હોય એમાં જોવા મીલે છે.

(૬) જે વક્ત depression માં માનસિક અને જિસ્માની symptoms ઘણા વધી જાય છે તેવા cases માં suicide (ખુદકુશી) ના chances ઘણા વધી જાય છે. એવા cases માં તે શખ્સને મૌત સિવાય બીજી કોઇ ચીઝ સૂઝતી નથી. આવા cases માં hospitalization ઘણું ઝરૂરી છે.

(૭) Depression વારસાગત (hereditary) હોય શકે છે. ઝિયાદહ તર cases માં depression નું કારણ આજની modern lifestyle અને કામનું stress હોય છે. પોતાની ઝિંદગીમાં dis-satisfaction હોવુ depression થાવાનું foundation (બુનિયાદ) બને છે. કામિયાબ તે શખ્સ છે, જે પોતાની તાકત મુજબ આ દુનિયામાં જે હાસિલ કરે છે, એના પર કેનાઅત કરે છે - satisfied રહે છે. બીજાના મહેલ જોઇને પોતાની ઝુંપડી પર અફસોસ કરવો એ બેવકૂફી છે. દુનિયામાં બેહતર માં બેહતર ચીઝ ને હાસિલ કરવાનો હક્ક બધાને છે અને એમ કરવામાં હરજ નથી, પણ અગર આમાં નાકામિયાબી મીલે તો અફસોસ ન કરવો જોઇએ.

Depression ના ઈલાજ વાસ્તે psychiatrists (મનોચિકિત્સક) પોતાના દર્દીઓને anti-depressants અને anti-psychotic દવાઓ આપતા હોય છે, જેના કારણે દર્દીનું મગજ ઠંડુ રહે અને એને સુકૂન મીલે. મગર આ દવાઓની આડ અસર ઘણી છે. જેવું કે ગોલીઓ લેવાની "આદત" (addiction) પડી જવી, વધુ પડતી ઊંઘ આવવી, વજન વધવું અને આસપાસના માહૌલમાં કોઇ દિલચસ્પી ન રહેવી, વગૈરા.

Homoeopathy માં depression વાસ્તે ઘણી અકસીર દવાઓ મૌજૂદ છે અને એની કોઇ આડ-અસર નથી. Homoeopathic દવાઓ depression માં દર્દીને પોતાના હાલાતમાં adjust થાવામાં મદદ કરે છે, જેના સબબ દર્દીને normal feeling નો એહસાસ થાય છે. અગર depression ઘણા વક્તથી હોય તો આવા cases માં સુધાર આવતા વકત લાગે છે.

✱ આ ચીઝના સિલસિલામાં વધારે માહિતી જોઇતી હોય યા દર્દીને ઝાતી તૌર પર ડોક્ટરની મુલાકાત વાસ્તે લઇ જાવાની ઝરૂરત પૈશ આવે તો ડોક્ટર સાહબના મો.નં.: ૯૯૨૫૮૪૪૫૯૯ પર એપોઈન્ટમેન્ટ લઇ શકાય છે. ★

✱ **આજવા રોડ** પર ક્લીનીકનો વકત :
જુમોઆ : સાંજે ૫ થી ૭ રવિવાર : સવારે ૧૦ થી ૧૨
સરનામું : આરામ ક્લીનિક, તાજ કોમ્પ્લેક્ષ કમ્પાઉન્ડ, આજવા રોડ. ★

✱ **બદરી મોહલ્લા**, રાહત દવાખાનું :
જુમોઆ : સવારે ૧૦ થી ૧૧:૩૦

✱ **જહાંગીર પૂરા**, ધર્મજવાલા ફીઝીયોથેરાપી સેન્ટર
મંગલવાર : સવારે ૧૧ થી ૧
જુમેરાત : સવારે ૧૧ થી ૧ ★

**નોંધ : અલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ ઈમામ હુસૈન (અ.સ.) ના નૌહાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઇ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઇ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /– (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઇ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★